Seat No. : _______________

# DD-116

**December-2018**

**B.Ed., Sem.-I**

**B-101 : Gujarati**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

સૂચના : (1) બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
(2) વિકલ્પો આંતરિક છે.
(3) જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

1. (A) નીચે આપેલા કોઈ **એક** પ્રશ્નસમૂહનો જવાબ આપો : **14**
(1) ભાષાના ઘટકો વિગતે સમજાવો.
(2) માતૃભાષા શિક્ષણની ઉપેક્ષા દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરો.

**અથવા**

(1) વિનયન વિદ્યાશાખાનું મહત્ત્વ અને તેના દ્વારા પ્રાપ્ત થતા કૌશલ્યો વિગતે જણાવો.
(2) માતૃભાષા શિક્ષણનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

(B) નીચેના છ હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના જવાબ આપો : **4**
(1) ભાષાની વ્યાખ્યા આપો.
(2) વિનયન વિદ્યાશાખાનો અર્થ જણાવો.
(3) ભાષાના વિવિધ સ્વરૂપો જણાવો.
(4) માતૃભાષા શિક્ષણની ગમે તે બે ઉપેક્ષા જણાવો.
(5) પ્રત્યયના બે પ્રકાર જણાવો.
(6) 'માનવે નિપજાવેલું શ્રેષ્ઠ સાધન એટલે વાણી' આ વિધાન કોણે આપ્યું છે ?

2. (A) નીચે આપેલા કોઈ **એક** પ્રશ્નસમૂહનો જવાબ આપો : **14**
(1) સૂક્ષ્મ અધ્યાપનના સોપાનોની ચર્ચા કરો.
(2) ધો.-8 માંથી ગમે તે એક એકમ પસંદ કરી પાઠ આયોજન નોંધ (સ્ટ્રેલેશન) તૈયાર કરો.

**અથવા**

(1) પ્રશ્નપ્રવાહિતા કૌશલ્યના અગત્યના ઘટકોની ચર્ચા કરો.
(2) સિમ્યુલેશનના સોપાનો અને મહત્વ વિગતે સમજાવો.

(B) નીચેના પાંચ હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : **3**
(1) ઉત્તેજના પરિવર્તન કૌશલ્યનો અર્થ આપો.
(2) પૂર્વાનુભવ અને નવી ઘટનાનું અનુસંધાન એટલે કયું કૌશલ્ય ગણાય ?
(3) શ્યામફલક કૌશલ્યના ઘટકો લખો.
(4) પાઠ આયોજનની વ્યાખ્યા લખો.
(5) સારા ઉદાહરણના લક્ષણો જણાવો.

3. (A) નીચે આપેલા કોઈ **એક** પ્રશ્નસમૂહનો જવાબ આપો : **14**

(1) સંજ્ઞાનો અર્થ આપી તેના પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(2) સર્વનામના પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

**અથવા**

(1) સંયોજકના પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(2) રચના અને ભાવની દૃષ્ટિએ વાક્યના પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(B) નીચેના છ હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ **ચાર** પ્રશ્નોના જવાબ આપો : **4**

(1) વ્યંજન કોને કહેવાય ?

(2) સાદું વાક્ય કોને કહેવાય ?

(3) શબ્દમાં અક્ષરનો લોપ દેખાડવા કયું ચિહ્ન વપરાય છે ?

(4) 'અહો કેવું સુંદર ચિત્ર' – આ વિધાનમાં યોગ્ય વિરામચિહ્ન વાપરી બતાવો.

(5) ક્, ખ્, ગ્ વ્યંજનોનું ઉચ્ચારણ સ્થાન જણાવો.

(6) અવ્યક્ત લિંગવાચક સંજ્ઞાઓ કોને કહેવાય ?

4. (A) નીચે આપેલા કોઈ **એક** પ્રશ્નસમૂહનો જવાબ આપો : **14**

(1) નિપાતનો અર્થ આપી, તેના પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(2) જોડણીની અગત્યના નિયમો ઉદાહરણ સહિત સમજાવો.

**અથવા**

(1) સમાસનો અર્થ આપી, તેના મુખ્ય પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.

(2) કહેવતનો અર્થ આપી, તેની લાક્ષણિકતાઓ અને મહત્ત્વ જણાવો.

(B) નીચેના પાંચ હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો : **3**

(1) સંધિ એટલે શું ?

(2) 'નવ + ઊઢા' – સંધિ જોડો.

(3) વિષમ – સંધિ છોડો.

(4) બાજી ધૂળમાં મેળવવી – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(5) 'દુકાળમાં અધિક માસ' કહેવત સમજાવો.

___